**વડીલોને વંદન**
**અભિનંદન**



નરેન્દ્રભાઈ એમ. શાહ
(૧૯૪૩)મો.૯૮૨૫૭૪૨૧૨૬



સોનજી ગુલાબસિંહ વાઘેલા
(૧૯૪૩)મો. ૯૪૨૬૦૧૭૩૪૮



મનહરલાલ આર. શાહ
(૧૯૪૬)ફોન:૨૩૨૪૮૦૨૯

# ગૃહમાં ત્રણ દિવસમાં ૧૬ સુધારા વિધેયકો રજુ થશે

## બીજી એપ્રિલ મંગળવારના રોજ ગૃહની બે મિટિંગ મળશે કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં લેવાયેલો નિર્ણય

અમદાવાદ, તા. ૨૫

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રનું સમાપન બીજી એપ્રિલના રોજ થશે. આવતીકાલે મંગળવારના કામકાજ બાદ વિધાનસભામાં રવિવાર સુધી સતત રજા રહશે અને ત્યારબાદ સોમવાર અને મંગળવારે બેઠક મલ્યા બાદ અનિશ્ચિત મુદત માટે સત્ર સમાપ્તિની ઘોષણા કરવામાં આવશે. સત્ર સમાપ્તિના ઓડે બાકી રહેતા માત્ર ત્રણ કામકાજના દિવસોમાં જુદા જુદા તબક્કે કુલ ૧૬ સુધારા વિધેયકો ગૃહમાં રજુ કરાશે.

વિધાનસભામાં આજે ગૃહના અધ્યક્ષ વજુભાઈવાળાએ કામકાજ સલાહકાર સમિતિએ લીધેલા નિર્ણયની જાહેરાત કરતા જણાવ્યું હતુ કે સત્ર સમાપ્તિના અંતિમ દિવસે બીજી એપ્રિલ મંગળવારે બે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. કામકાજના શેષ રહેલા આ ત્રણ દિવસો દરમિયાન આવતીકાલે મંગળવારે કુલ છ સુવધારા વિધેયકો રજુ કરાશે જેમાં ગુજરાત વિનિયોગ વિધેયક, ગુજરાત મુખ્યવર્ધિત સુધારા વિધેયક, ગુજરાત વિદ્યુત શુલ્ક સુધારા વિદેયક ગુજરાત મનોરંજન કર સુધારા વિધેયક અને જીવન સુરક્ષા સુધારા વિદેયક તથા ગુજરાત વ્યવસાયલક્ષી ટેકનીકલ શિક્ષણ સંસ્તા સુધારા વિધેયકનો સમાવેશ થાય છે.

મંગળવાર એસસી સળંગ સપ્તાહની રજા બાદ પહેલી એપ્રિલ સોમવારના રોજ મળનારી બેઠકમાં રજુ થનારા સુધારા વિદેયકોમાં ગુજરાત રક્ષાશક્તિ યુનિવર્સિટી સુધારા વિધેયક, ગુજરાત રક્ષાશક્તિ યુનિવર્સિટી સુધારા વિધેયક, ગુજરાત સહકારી મંડળી સુધારા વિધેયક, ગુજરાત લીફ્ટ અને સરકતી સીડી સુધારા વિધેયક, ગુજરાત જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર વિધેયક વગેરેનો સમાવેશ થાય છે.

જ્યારે બીજી એપ્રિલ મંગળવારના રોજ મળનારી વિધાનસબાની પ્રથમ બેઠકમાં ગુજરાત સ્ટેમ્પ સુધારા વિધેયક ગુજરાત સહકારી મંડળીઓ સુધારા વિધેયક, ગુજરાત યુનિવર્સિટીઓ કાયદા સુધાર વિધેયક તથા સહુથી ચેલ્લે ગુજરાત લોકાયુક્ત આયોગ વિધેયક રજુ કરવામાં આવશે.

## પ્રાંતિજ તાલુકાના ખેડૂતો ૧૦ લાખ વૃક્ષો વાવી તેનું જતન કરશે

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ નર્સરી ખાતે ખેડૂત સંમેલન યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં ખેડૂતો અને વનવિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ખેડૂતોને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

૨૦૧૩ ઘનિષ્ઠ વનીકરણ યોજના અંતર્ગત શાળા કોલેજ પંચાયત અને સંસ્થાઓ તેમજ વનવિભાગના સંયુક્ત ઉપક્રમે ૬૪મા વન મહોત્સવ અને વનીકરણ ઝુંબેશ અન્વયે તાલુકામાં ૧૦ લાખથી વધુ વૃક્ષો વાવી સામુહિક પ્રયાસોથી ઉગાડી તેનું જતન કરવામાં આવશે. આ પ્રસંગે ઉપસ્થિત આર.એફ.ઓ. રાજપૂતે પર્યાવરણના લાભો તથા જીવસૃષ્ટિમાં વૃક્ષોનું મહત્વ, શાસ્ત્રોમાં વૃક્ષોને ભગવાન સ્વરૂપે દર્શાવી તેનું પૂજન જતન કરવામાં આવે છે. અને ખેડૂતોને વૃક્ષોનું જતન અંગે સમજાવી નર્સરી પ્રોગ્રામની વિસ્તૃત સમજણ મામલતદાર અંબાલાલ પ્રજાપતિએ આપી હતી. તાલુકામાંથી ખેડૂતો અને વન વિભાગના કર્મચારી ઉપસ્થિત રહી કાર્યક્રમે સફળ બનાવ્યો હતો.

# ગુજરાત સિંચાઈ વ્યવસ્થાપન બિલમાંથી સજાની કલમો દૂર કરવા જી.પી.પી.ની માગ



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત વિધાનસભામાં બહુમતીના જોરે પસાર કરવામાં આવેલ ખેડૂત વિરોધી ગુજરાત સિંચાઈ વ્યવસ્થાપન બિલમાંથી ખેડૂતોને લાગુ પાડવામાં આવેલ સજાની કલમો દૂર કરવા માટે ગુજરાત પરિવર્તન પાર્ટી દ્વારા જિલ્લા કલેકટરને આવેદન પક્ષ આપવામાં આવ્યું હતું.

રાજય સરકારે વિધેયકમાં ખેડૂતોને કુવા, બોર, ટ્યુબવેલ કરવા પર જે પાબંધી લગાવતો કાયદો પસાર કર્યો અને કેનાલમાં પાણીના અધિકારોમાં પરવાના પદ્ધતિ દાખલ કરીને રીઢા ગુનેગારની માફક વગર વોરંટે, વગર નોટીસે ધરપકડ કરવાની જે કલમો લગાવી છે. તે દૂર કરવા અનુરોધ કરતું આવેદન પત્ર જિલ્લા કલેકટરને જી.પી.પી. દ્વારા આપવામાં આવ્યું છે.

# જેલમાંથી ભાગીને આરોપીઓ હાલોલના જંગલમાં જવાના હતા

## જેલ સત્તાધીશોની સંડોવણી નહીં હોવાનું આરોપીઓની પૂછપરછમાં બહાર આવ્યું : મહિના પછી ઈન્ટરનેટ માધ્યમથી એકબીજા સંપર્ક કરવાના હતા

અમદાવાદ,તા.૨૫

સાબરમતી જેલ સુરંગકાંડમાં ઝડપાયેલા આરોપીઓ જેલમાંથી ભાગીને હાલોલના જંગલમાં આવેલી એક દરગાહે જવાના હોવાનો ખુલાસો શહેર ક્રાઈમબ્રાંચની તપાસ દરમિયાન પ્રકાશમાં આવ્યું છે.

વધુમાં આરોપીએ કબુલ્યું હતુ કે, સુરંગકાંડમાં જેલ સત્તાધીશો કે કર્મચારીઓની કોઈપણ પ્રકારની સંડોવણી નથી. આ અંગે એસપી આર.એ.શર્માએ વધુ વિગતો આપતા જણાવ્યુંહતુંકે, કાંડમાં ધરપકડ કરાયેલા ૧૪ આરોપીઓને કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવી તપાસ કરતા આરોપીઓએ કબુલ્યુ હતું કે, સુરંગ ખોદકામમાં જેલના કોઈ અધિકારી, કર્મચારી કે વોચમેનની કોઈ સંડોવણી નથી તેમજ કાંડનો મુખ્ય સૂત્રધાર હાફીઝે જેલમાં ફરજ બજાવતા સુરેશ નામના જેલ કર્મચારી પાસેથી યાર્ડની ચાવી ચોરી હતી. જેલમાંથી ફરાર થયા બાદ તમામ આરોપીઓ હાલોલના જંગલમાં આવેલી એક દરગાહે પહોંચવાના હતાં તેમજ ત્યાંથી તેઓ પોતપોતાની રીતે દેશના અન્ય ભાગોમાં ફેલાઈ જવાના હતાં. ત્યારબાદઅલમુનાફીકજયાહુ.કોમ નામનું ઈ-મેઈલ એડ્રેસે જે-તે મેસેજ લખવાના હતાં, તે મેસેજ વાંચી આગળનું ષડયંત્ર રચવાના હતાં તેમજ હાફીઝ સાથે કોન્ટેક્ટમાં રહેવાના હતાં.

આરોપીઓએ સુરંગની ઉંડાઈના ભાગે એક ખાનુ બનાવ્યુંહતું જેમાં સુરંગ ખોદવાનો સામાન મૂકવામાં આવતો હતો. સુરંગ સવારના જેલ ઓપનિંગ બાદ ત્રણેક કલાક જેટલા સમયે સુરંગના અંદરના ભાગે ચાર જેટલા કેદીઓ ખોદકામ કરતા હતાં તેમજ અન્ય કેદીઓ બહાર હાજર જેલના કર્મચારીઓ પર નજર રાખતા હતાં. સુરંગમાં ખોદકામ કરતી વેળાએ જો ઓક્સિજનનું પ્રમાણ ઓછું થાય તો બહાર હાજર આરોપીઓ એસબેસ્ટોસની સિમેન્ટના ટુકડા (પતરા જેવા)નો ઉપયોગ કરી સુરંગમાં ખોદકામ કરી રહેલા આરોપીઓને ઓક્સિજન પૂરો પાડતા હતાં.

દરમિયાન અમદાવાદ મધ્યસ્થ જેલના સિનિયર જેલર ડી.જે.વણકર તથા જેલર ગ્રુપ-૨ ડી.કે.પરમારની પૂછપરછ કરતાં ૧૦ ફેબ્રુ.ના રોજ જેલર ગ્રુપ-૨ ડી.કે. પરમારે યાર્ડની પાછળના ભાગે પડેલ વજનદાર પથ્થરથી સુરંગની અંદર અન્ય કેદીઓની મદદથી લઈ જઈ ૨૮ ફુટના અંતરે ટેકાની મદદતી પથ્થર ઉભો રાખી તેની ઉપર માટી ચઢાવી સુરંગ બંધ કરેલ. આરોપીઓ દ્વારા સુરંગ ખૂબ લાંબી ખોદાયેલ હોવાનું જણાતા તેની ખરેખર લંબાઈની જાહેરાત મીડિયા મારફતે જાહેર થઈ જાય તો બ્લાસ્ટના આરોપીઓના અન્ય સહ આરોપીઓ કે જે રાજ્ય બહારની અન્ય જેલોમાં છે તેઓને સામાન્ય સાધનોની મદદથી પણ આવી સુરંગ ખોદી શકાય તેવા સંદેશા પહોંચે તેમ હોય અને આ પ્રકારના સંદેશાથી જેલમાંથી નાસી જવા તેઓને પણ સુરંગ ખોદવાની પ્રેરણા મળે તેમ હોય અને આ પ્રકારના સંદેશાથી જેલમાંથી નાસી જવા તેઓને પણ સુરંગ ખોદવાની પ્રેરણા મળે તેમ હોય, આવું ન થાય તેવા આશયથી સુરંગને ટૂંકાવવા પ્રયત્ન કરવામાં આવેલ હોવાનું તેઓએ જણાવ્યું છે, જે આશરે ૭૦ થી ૮૦ કિલો વજનનો પથ્થર મૂકી સુરંગને બંધ કરવામાં આવેલ તે પથ્થર પણ તપાસ અર્થે કબજે કરવામાં આવેલછે.

## સેટઅપ બોક્સના અમલ માટે મુદત લંબાવવા રિટ

અમદાવાદ,તા.૨૫

કેબલ ટીવીધારકોએ ૩૧મી માર્ચ સુધીના ફરજિયાત ડિજિટલ સેટઓફ બોક્સ લગાવવાના મામલે વધુ છ માસની મુદત લંબાવવા મામલે થયેલી રીટ પીટીશનમાં જસ્ટીસ આર.એચ.શુક્લાએ કેન્દ્ર અને રાજ્ય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ સહિત રાજ્યના ચાર શહેરોના કલેક્ટરને નોટિસ પાઠવી છે. આ મામલે ૨૮મીએ વધુ સુનાવણી હાથ ધરાશે. કેન્દ્ર સરકાર દ્વારા કેબલ ટીવીધારકોને ડિજીટલ લાઈઝેશન સિસ્ટમમાં પારદર્શકતા લાવવા માટે સેટઓફ બોક્સ સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી છે. ૩૧મી માર્ચ સુધીમાં આ સિસ્ટમ અમલી કરવા ગુજરાત સહિત ૩૮ શહેરોમાં સમય આપવામાં આવ્યો છે. આ સિસ્ટમનો અમલ કરવા છ માસનો વધુ સમય લંબાવવા માટે હાઈકોર્ટમાં વધુ એક રીટ થઈ છે.

# મહેસાણા જિલ્લાના ઉંઝા ખાતે બી.એમ.એસ.નું સાતમું અધિવેશન યોજાયું

મહેસાણા, તા. ૨૫

મહેસાણા જિલ્લા ઉંઝા ઉમિયા માતાના મંદિરના સંત્સગ હોલમાં ગુજરાત એસ.ટી. નિગમ મઝદૂર મહાસંઘ અને ભારતીય પરિવહન મઝદુર સંઘનું સાતમું ત્રિ-વાર્ષિક અધિવેશન યોજાયું હતું. આ અધિવેશનનો પ્રારંભ વાહન વ્યવહાર મંત્રી નિતીનભાઈ પટેલે કરાવ્યો હતો.

આ પ્રસંગે નાણા, આરોગ્ય અને વાહન વ્યવહાર મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ત્યાગ, તપસ્યા અને બલિદાનના મંત્રને આ સંગઠનને ખરા અર્થમાં સાકાર કર્યો છે. આ સંગઠન માત્ર માંગણીઓ જ નહીં પરંતુ સમાજ તેમજ દેશ સેવાની ચિંતા કરે છે. તેમણે જણાવ્યું હતું કે, એસ.ટી.ની કામગીરી પ્રજા માટે સેવાની કામગીરી છે. આજે એસ.ટી. ના કર્મચારીઓની તુલના કરતાં અન્ય રાજયોની સરખામણીમાં સુરક્ષા, સ્વમાન અને સ્થિરતા છે. રાજયમાં ૭૬૦૦ જેટલી એસ.ટી.ની બસો ચાલે છે. રાજય સરકારે છેલ્લા વર્ષોમાં ૪૦૦૦ જેટલી નવી બસો આપી છે. રાજય સરકાર પ્રથમ વાર એસ.ટી. નિગમને મુડી તરીકે ગુજરાત સરકારે ૩૦૦ કરોડ ઈકવીટી સ્વરૂપે આપ્યા છે. જેનુ ગુજરાત સરકાર વ્યાજ કે હપ્તો લેવાની નથી તેમ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજય સરકારે વર્કશોપ અને મશીનરીના આધુનિકરણ માટે ૫૦ કરોડ, તેમજ એસ.ટી. ડેપોને અદ્યતન બનાવવા ૫૦ કરોડ આપ્યા છે. ગુજરાત પ્રગતિશીલ અને કલ્યાણ રાજય છે. આપણે પણ પ્રવાસીઓની સુરક્ષા, સલામતી અને સ્વચ્છતાના ધોરણોનું ધ્યાન રાખવાનું છે. આ ઉપરાંત રાજય સરકારે ખાનગી પંપોમાં એસ.ટી.નું ડીઝલ ભરાવતાં રૂપિયા ૧ કરોડની બચત થાય છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, એસ.ટી. નિગમની સરપ્રાઈઝ મુલાકાત લેવામાં આવશે. જેમાં ખાસ બાબતોનું ધ્યાન રાખવામાં આવશે.

આ પ્રસંગે સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી ચેતનભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રીએ છેલ્લા વર્ષોમાં ૧૮૦૦ કરોડ રૂપિયા નિગમના વિકાસ માટે આપ્યા છે. એસ.ટી. નિગમ પાસે ૧૦ વોલ્વો, ૨૦ એ.સી. કોલ, ૧૭૫ સ્લીપર કોચ, ૩૫૩ મીની બસ, ૬૮૧ સેમી લકઝરી બસો, ૨૪ સેમી લો ફલોર, ૬૩૪૭ સુપર એક્સપ્રેસ બસો સહિત કુલ ૭૬૦૦ બસો અને ૪૧,૦૦૦ કર્મચારીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૫ વિભાગ, ૧૨૫ ડેપો, ૬૮૦૦ શીડ્યુલ, ૩૮૦૦૦ ટ્રીપો, ૨૬ લાખ દૈનિક કિલોમીટર તેમજ રોજના ૨૫ લાખ મુસાફરો મુસાફરી કરે છે. ૨૦૧૪ સુધી મઝદુર સંઘ નિગમને નફો કરે તે પ્રમાણે કામ કરવાની હાકલ કરી હતી.

આ પ્રસંગે જિલ્લા વિવિધ સંગઠનોને વિવિધ કરેલ ઉમદા કામગીરી બદલ પ્રોત્સાહીત કર્યા હતા.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી નારાયણભાઈ પટેલ, એસ.ટી. નિગમના ચેરમેન બી.એસ. ઘોડેસરા, પ્રદેશ અધ્યક્ષ પંડ્યા, મહેસાણા એસ.ટી. વિભાગના નિયામક રાણા, રાષ્ટ્રીય પ્રતિનિધિ રામદોરસન, અવધેશ કુમાર, પદાધિકારીઓ હુસેનભાઈ સોલંકી, વિનોદભાઈ, રાજેન્દ્રભાઈ સહિત રાજ્યના વિવિધ જિલ્લાના પ્રતિનિધિઓ, પદાધિકારીઓ મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર પ્રાંત કચેરી ખાતે આંગણવાડી અને હેલ્પર બહેનોને ઈન્ટરવ્યુ માટે સવારે ૧૦.૩૦ કલાકે બોલાવવામાં આવ્યા હતા. ૧૦૦થી વધુ બહેનો બાળકો સાથે આવી હતી. પરંતુ ઈન્ટરવ્યુ લેનાર અધિકારીઓ બપોરના ૨.૦૦ કલાકે આવતા નાના બાળકો સાથે આવેલી બહેનોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

## કાવડીયા મળ્યા નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. હોળી-ધૂળેટીના પર્વ ટાણે પણ કોન્ટ્રાક્ટરોની કાંઈક આવી જ સ્થિતિ થઈ હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. પાટનગર યોજના ભવનમાં ગ્રાન્ટની ઉપલબ્ધિના અભાવે કોન્ટ્રાક્ટરોના નાણાં અટવાયા છે. હોળીના તહેવાર ટાણે કોન્ટ્રાક્ટરોને કાવડીયા ન ચુકવાતા પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે. પાટનગર યોજના ભવનમાં નાના-મોટા કામ સંભાળતા અંદાજિત ૭૫ જેટલા કોન્ટ્રાક્ટરો છે. તહેવાર વેળાએ મજુરવર્ગ પણ પૈસાની જરૂરિયાતના લીધે ઉઘરાણી કરતા હોવાથી કોન્ટ્રાક્ટરોના હાથ બંધાઈ ગયા છે. આ તબક્કે કેટલાકે તો વ્યાજે પૈસા લઈ મજુરોને પૈસા ચુકવ્યા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. આવા સંજોગોમાં સરકાર કક્ષાએથી જરૂરી ગ્રાન્ટ ઝડપથી ફાળવી કોન્ટ્રાક્ટરોને બિલ ચુકવવા પણ માંગ ઉઠવા પામી છે.

## જનજાગૃતિ અભિયાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યારથી જ દર્દીને જરૂરી સારવાર મળે તે માટે તંત્રએ સતર્ક રહેવુ જરૂરી છે. તેમણે સેવાઓના સઘનીકરણ અંગે નિર્દેશ કરતાં જણાવ્યું હતું કે વાઈરલ રોગોમાં પ્રારંભથી જ સારવાર અપાય તે જરૂરી છે. તેમણે જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં દવાઓનો જથ્થો ઉપલબ્ધ છે કે નહિ તેની પણ વિગતો મેળવી હતી.

જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપે ઉનાળુ સિઝનને ધ્યાને રાખી પાણીજન્ય રોગચાળો ઉભો ના થાય તે માટે પણ જરૂરી પગલાંઓ અત્યારથી ભરવામાં આવે તેવો આગ્રહ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારમાં અને શહેરી વિસ્તારમાં પાણીના ક્લોરીનેશન અંગે દરેક સપ્તાહે મોનીટરીંગ થવું જોઈએ અને તેની ચકાસણી પણ નિયમિત રીતે થવી જોઈએ. જિલ્લા કલેક્ટરશ્રીએ પાઈપલાઈનના લીકેજીસ દેખાતા હોય તો તે તાત્કાલિક અસરથી દુરસ્તી કરાવવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવા પણ જણાવ્યું હતું.

જિલ્લા કલેક્ટરશ્રીએ વાહકજન્ય રોગચાળાને લઈ આ વખતે હોળી બાદ રોજી માટે આવતા મજૂરોના સ્ક્રીનીંગ માટે પણ સઘન ઝુંબેશ કરવા તેમજ ખાળકુવા અને મચ્છર ઉત્પત્તિના અન્ય સ્થળો પર ચાંપતી નજર રાખી જરૂરી એન્ટીલારવેલની કામગીરી કરવા સૂચવ્યું હતું.

## વિધેયકમાં જોગવાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારની હાર થઈ તે મૂળ કાયદામાં જ સુધારો કરવાની સરકારે નક્કી કર્યું અને આજે સત્તાવાર રીતે તેની -સિદ્ધિ કરવામાં આવી છે.

ગુજરાત લોકાયુક્ત આયોગ વિધેયક-૨૦૧૩ આજે -સિદ્ધ કરવામાં આવ્યો છે જે ૩૦ પાનાંનો છે. આ વિધેયકમાં સૌથી મહત્વનું એ જણાઈ આવે છે કે નવું લોકાયુક્ત એક વ્યક્તિ નહી પરંતુ કેન્દ્રમાં ચૂંટણીપંચની જેમ એક કરતાં વધુ વ્યક્તિઓનું હશે. એક લોકાયુક્તની સાથે વધુમાં વધુ ચાર ઉપલોકાયુક્ત નિમવામાં આવશે. આ ચારમાંથી અડધોઅડધ ઉપલોકાયુક્ત ન્યાયતંત્ર સાથે સંકળાયેલા હોવા જોઈશે. બાકીના વહીવટી સભ્યો હશે.

૧૯૮૬?? ના લોકાયુક્ત કાયદાની કલમ-૩ માં પસંદગીની -ક્રિયામાં રાજયપાલ, વિરોધપક્ષના નેતા અને હાઈકોર્ટના ચીફ જસ્ટિસનો સમાવેશ થતો હતો. ૧૯૮૬?? કાયદામાં પસંદગીની -ક્રિયામાં મુખ્યમંત્રીનો સમાવેશ થતો ન હતો. નવા કાયદામાં એક પસંદગી સમિતિની જાહેરાત કરવામાં આવી છે. એટલે કે સમિતિ દ્વારા પસંદગી થશે.

આ સમિતિના અધ્યક્ષ મુખ્યમંત્રી હશે. મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને રચનારી આ સમિતિમાં કુલ ૬ સભ્યો હશે જેમાં વિધાનસભાના અધ્યક્ષ, મુખ્યમંત્રી નક્કી કરે તેવા કોઇ એક મંત્રી, વિપક્ષના નેતા, હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા નામ નિયુક્ત થનાર હાઈકોર્ટના એક જજ, અને તકેદારી આયોગનો સમાવેશ થાય છે. અગાઉના કાયદામાં ચીફ જસ્ટિસ સાથે પરામર્શ કરવો તેમનો અભિ-ાય મેળવવો એ બાબતનો સમાવેશ થતો હતો. પરંતુ નવા કાયદામાં ચીફ જસ્ટિસનો કોઈ ઉલ્લેખ નથી, પરંતુ ચીફ જસ્ટિસે હાઈકોર્ટના પાંચ સિનિયર જજની સમિતિ સાથે પરામર્શ કરીને એક જજને મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાનવાળી પસંદગી સમિતિના મોકલવાના રહેશે.

છ સભ્યોની સમિતિ એ -કારની બનશે કે જેમાં વિપક્ષના નેતાનો વિરોધ હશે તો પણ તે ટકી શકશે નહીં. ખાસ કરીને રાજયપાલને માત્ર રબ્બર સ્ટેમ્પ કરી દેવામાં આવ્યા છે. જેમ કે નવા કાયદાની કલમ ૩(૧)માં જણાવાયું છે કે આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર તપાસ અને અન્વેષણ કરવાના હેતુ માટે રાજયપાલ પોતાના સહી-સીક્કાવાળા આદેશપત્રથી અને નીચે જોગવાઈ કર્યા મુજબની પસંદગી સમિતિની ભલામણથી લોકાયુક્ત નિમણૂક કરશે અને ઉપલોકાયુક્તની નિમણૂક કરશે.

પસંદગી સમિતિ જે નામની ભલામણ કરે તેને રાજયપાલે નિમણૂક આપવાની રહેશે. જયારે અગાઉના કાયદામાં રાજયપાલને મહત્વની સત્તા આપવામાં આવી હતી. એક એવો અભિ-ાય વ્યક્ત થઈ રહ્યો છે તે વિધાનસભામાં વર્તમાન સરકાર ભલે બહુમતીના જોરે તેને પસાર કરાવે પરંતુ ત્યારબાદ આ કાયદાએ કાનૂની જંગમાંથી પસાર થવું પડે તેમ છે.

૧૯૮૬?? કાયદામાં લોકાયુક્તપદે જેની નિમણૂક કરવાની હોય તે હાઈકોર્ટ કે સુ-ીમ કોર્ટના જજ હોવા જોઈએ. પરંતુ નવા કાયદામાં એવી વ્યક્તિની લોકાયુક્ત તરીકે નિમણૂક કરી શકાશે કે ભારતની સુ-ીમ કોર્ટના અધ્યક્ષ અથવા હાઈકોર્ટના ચીફ જસ્ટસ હોય અથવા એ પદ પર રહી ચૂકયા હોય. એટલે કે નવી જોગવાઈમાં આર. એ. મહેતાનો પણ છેદ ડી જાય છે, કેમ કે, તેઓ માત્ર નિવૃત્ત જસ્ટિસ છે, ચીફ જસ્ટિસ નથી.

લોકાયુક્તના નવા કાયદામાં જે જોગવાઇ છે તેમાં તકેદારી આયોગ સામાન્ય રીતે સરકારની ઉપરવટ જઈને અભિ-ાય આપવાનું ટાળી શકે છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસે જે પાંચ સિનિયર જજોની સમિતિ સાથે પરામર્શ કરવાનો રહેશે તેમાં પણ એવું નામ પસંદ કરાય કે જે સરકાર માટે -તિકૂળ ન હોય. આમ, છ સભ્યોમાંથી વિપક્ષના નેતા સિવાય કોઈ વિરોધ કરે એમ મનાતું નથી.

કાયદામાં એવી જોગવાઇ સૂચવવામાં આવી છે કે પસંદગી સમિતિ ભલામણ કરતી વખતે આયોગમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનું યોગ્ય -તિનિધત્વ પણ નક્કી કરશે. એટલે કે તેમાં આરક્ષણની બાબતનો ઉમેરો કરવામાં આવ્યો છે.

લોકાયુક્ત અથવા ઉપલોકાયુક્ત તરીકે નિમાયેલ વ્યક્તિ પોતાનો હોદ્દો ધારણ કરે એ તારીખથી પાંચ વર્ષની મુદત સુધી અથવા ૭૨ વર્ષની ઉંમર થાય તે બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી હોદ્દો ધરાવશે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજયપાલે નિમેલ લોકાયુક્ત આર. એ. મહેતાની ઉંમર ૭૫ વર્ષની છે. એટલે કે એક રીતે જોતાં નવા કાયદામાં આર. એ. મહેતાનો સમાવેશ થઈ શકતો નથી.

ગુજરાતમાં લોકાયુક્તની નિમણૂકના મુદ્દે રાજભવન અને ગુજરાત સરકાર વચ્ચે કાનૂની જંગ ચાલી રહ્યો છે તેમ જો ગુજરાત સરકાર ૧૯૮૬?? લોકાયુક્ત કાયદામાં સુધારો કરીને જે નવો કાયદો બનાવશે તો તે અંગે પણ રાજભવન અને ગુજરાત સરકાર વચ્ચે કાયદાકીય જંગના મંડાણ થવાના એંધાણ વર્તાઈ રહ્યાં છે. કેમ કે ગુજરાત સરકાર ભલે બહુમતીના જોરે વિધાનસભામાં આ કાયદો પસાર કરે પરંતુ રાજભવન દ્વારા તેને મંજૂરી આપવામાં વિલંબ કરવામાં આવે તેવી શક્યતા છે અને રાજયપાલ લોકાયુક્તની નિમણૂકમાં પોતાની સત્તા પર કાપ મુકવામાં આવ્યો તેવો મુદ્દો ઉપસ્થિત કરીને આખા નવા સૂચિત કાયદાને અદાલતમાં પડકારે એમ મનાઈ રહ્યું છે.

## શબ્દાવલી - ૫૦૧૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ■ | ■ | ૪ |
| ૫ | | ■ | | ■ | ૬ | | |
| | ■ | ૭ | | ■ | | ■ | |
| ૮ | | | ■ | ૯ | | | |
| | ■ | | ■ | | ■ | ■ | ■ |
| ■ | ૧૦ | | | | | ૧૧ | |
| ૧૨ | | ■ | ■ | ૧૩ | ૧૪ | | ■ |
| ૧૫ | | | ■ | ૧૬ | | | |

### આડી ચાવી

૧. જેવું દેખાય તેવું ના હોય તેવો આભાસ થવો (૫)
૫. બીક, હાક (૨)
૬. પીડા, આપત્તિ (૩)
૭. વિચાર, મંતવ્ય (૨)
૮. સમગ્ર, સર્વ (૩)
૯. કૌશલ્ય, કલા (૪)
૧૦. ખાતુ... કરવું, બેલેન્સ(૪)
૧૧. પરવા, ઉપાધિ (૨)
૧૨. દાવ, ક્રમમાં નંબર આપે તે (૨)
૧૩. ઓરી અછબડા જેવા ફોલ્લા (૩)
૧૪. જળ ભરેલું (૩)
૧૬. વગ, ઓળખાણ (૪)

### ઊભી ચાવી

૧. વિધાન સભ્યોની સભા(૫)
૨. ટોક (૨)
૩. ઈન્ડિયા, આપણો દેશ(૩)
૪. દુશ્મની (૪)
૬. દારૂ (૩)
૭. મળે તે (૪)
૯. પાયાના પથ્થર (૫)
૧૦. કમળ, પંકજ (૩)
૧૧. સરોવર (૩)
૧૨. નિવાસ (૨)
૧૪. 'ગત' શબ્દ અવળો (૨)

### શબ્દાવલી ૫૦૧૬ના જવાબ

**આડી ચાવી :-** (૨) ગણ્યુગાંઠ્યું (૩) અરૂચી (૬) પાણીદાર (૭) શૈસવ (૯) લીક (૧૦) પેરવી (૧૨) નીણ (૧૩) ભગ્ન (૧૬) મંત્રી (૧૭) નવરંગી (૧૯) જોગ (૨૧) નભ (૨૨) ભાળ

**ઊભી ચાવી :-** (૧) ગદ્યશૈલી (૨) ગાંડીવ (૩) અણી (૪) રૂદાલી (૫) ચીર (૬) પાગરણ (૮) શકન (૧૦) પેની (૧૧) મગ્ન (૧૩) ભત્રીજો (૧૪) માન (૧૫) આરંભ (૧૮) વન (૨૦) ગજુ


**ગુજરાત મેરીટાઈમ બોર્ડ**

**ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા નં. ૧૫/૨૦૧૨-૧૩**

કાર્યપાલક ઈજનેર (બાં) ઈજનેર વિભાગ-૨, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, ઓફિસ નં. ૧૨૫, ફર્સ્ટ ફલોર, આઈ.ટી. ટાવર-૧, ઈન્ફોસીટી કોમ્પલેક્ષ, ગાંધીનગર દ્વારા નીચેના કામો માટે ઓનલાઈન ભાવપત્રક માંગવામાં આવે છે.

| અનુ | કામનું નામ | (૧) અંદાજીત રકમ (૨) શ્રેણી (૩) ઈ.એમ.ડી. |
|---|---|---|
| ૧. | અપગ્રેડેશન ઓફ ટ્રાફિક એસઈ-એચ ક્યુ, એન્જિનિયરીંગ ડિવિઝન-૨, પેન્શન - ઈન્સ્યોરન્સ બ્રાન્ચ એટ જીએમબી, ગાંધીનગર | (૧) રૂ. ૨૨,૪૩,૮૬૭.૫૨ (૨) 'ઈ-૧' અને ઉપર (૩) રૂ. ૨૨,૪૫૦.૦૦ |
| ૨. | અપગ્રેડેશન ઓફ એસઈ (સી), એસઈ (ડી), કોન્ફીડેન્સીઅલ એન્ડ કેશ બ્રાન્ચ ઓફ એકાઉન્ટ સેક્સન એટ જીએમબી, ગાંધીનગર. | (૧) રૂ. ૨૨,૪૩,૮૬૭.૫૨ (૨) 'ઈ-૧' અને ઉપર (૩) રૂ. ૨૨,૪૫૦.૦૦ |

ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૨૬/૩/૧૩ થી વેબસાઈટ www.gmbnprocure.com પરથી ઉપલબ્ધ થશે. ઓનલાઈન સબમીશનની છેવટની તા. ૧૦/૪/૨૦૧૩, ૧૮.૦૦ કલાક સુધી. વધુ વિગત માટે પ્રસ્તુત વેબસાઈટ પર સંપર્ક કરવા વિનંતી. ટેન્ડર ફી રૂ. ૯૦૦/-, વધુ વિગતો તથા શરતો માટે ઉપરોક્ત કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવા અથવા www.gmbports.org વેબસાઈટ અચૂક જોવા વિનંતી છે.

માહિતી/૨૫૨૩/૧૨-૧૩